ખાનગી

પાસા હેઠળ અટકાયત કરવાની કાર્યવાહી અંગે માર્ગદર્શક સૂચનાઓ.

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

પરિપત્ર ક્ર.: વિ.૩/પરચ/પાસા/૨૦૨૩/૦૧

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર

તા. **૦૩/૦૫/૨૦૨૩**

**વંચાણે લીધા:** (૧) ગૃહ વિભાગના તા. ૧૯.૧૦.૨૦૧૫ના પરિપત્ર ક્રમાંક : વિ.૩/પાસા/૧૦૧૫/૧૨.

**પરિપત્ર :**

રાજ્યમાં જાહેર વ્યવસ્થા અને જાહેર આરોગ્યની જાળવણીને અસર કરતા અસામાજિક તત્વો વિરુધ્ધ નિવારક પગલાં લેવા માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ – ૧૯૮૫ અમલમાં મૂકવામાં આવેલ છે. જેમાં બુટલેગર, ભયજનક, મિલ્કત પચાવી પાડનાર, અનૈતિક વેપાર ગુનેગાર, ઔષધ ગુનેગાર, કુર વ્યક્તિ અને જુગારનો અડ્ડો ચલાવનાર – એ મુજબની વિવિધ કેટેગરીમાં પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં પોલીસ કમિશ્નર દ્વારા તથા જિલ્લા કક્ષાએ સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પાસા હેઠળ અટકાયત હુકમ કરવામાં આવે છે. પાસા હેઠળ અટકાયત માટે અટકાયત અધિકારી દ્વારા કરવામાં આવતા હુકમોમાં એકરૂપતા રહે તથા કાયદાકીય જોગવાઇઓનું ઉચિત અમલ થાય તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા તા.૨૭/૦૧/૧૯૯૪ થી તા. ૨૩/૦૭/૨૦૦૮ દરમિયાન સમયાંતરે કુલ – ૨૧ પરિપત્રોથી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલી છે.નામ. ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ સ્પે.સી.એ.નં. ૬૩૦૯/૨૦૧૫ ની સુનાવણી દરમિયાન નામ. હાઇકોર્ટએ સરકારી વકીલશ્રીને આપેલ સૂચનાઓ તથા નામ. હાઇકોર્ટના તા.૦૮/૦૫/૨૦૧૫ના હુકમને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા અગાઉ આપવામાં આવેલ તમામ માર્ગદર્શક સૂચનાઓના સ્થાને તા.૧૯/૧૦/૨૦૧૫ ના પરિપત્રથી પાસા હેઠળ અટકાયત કરવાની કાર્યવાહી અંગે માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

૨, રાજ્ય સરકાર દ્વારા પાસા કાયદામાં સુધારો કરી તા. ૦૩/૦૯/૨૦૨૦થી અમલમાં આવે તે રીતે પાસા કાયદામાં નીચે મુજબનો ફેરફાર કરવામાં આવેલ છે.

**૧.** જુગારનો અડ્ડો ચલાવનાર કેટેગરીમાં અટકાયત માટે આરોપીને છેલ્લા ત્રણ વર્ષમાં સજા થઇ હોય એવી જે જોગવાઇ હતી તેને રદ કરવામાં આવી છે.

**૨.** સાયબર ગુનો કરનાર એટલે કે, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ – ૨૦૦૦ ના પ્રકરણ –૧૧ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરનાર વ્યક્તિ તે કેટેગરીનો ઉમેરો કરવામાં આવ્યો છે.

**૩.** ભયજનક કેટેગરીમાં આઇ.પી.સી.ના પ્રકરણ – ૦૮ અને ૨૨ હેઠળના ગુનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**૪.** નાણાંની ધીરધાર સંબંધી ગુનો કરનાર કેટેગરીનો ઉમેરો કરવામાં આવ્યો છે.

**૫.** જાતીય ગુનો કરનાર કેટેગરીમાં આઇ.પી.સી. ની કલમ – ૩૫૪, ૩૭૬, ૩૭૭ તથા પોક્સો એક્ટ હેઠળના ગુના કરનાર વ્યક્તિની અટકાયતની જોગવાઇ કરવામાં આવેલ છે.

૩, પોલીસ કમિશ્નર તથા જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા કરવામાં આવતા હુકમો રાજ્ય સરકારની મંજૂરી માટે મોકલવાની કાયદામાં જોગવાઇ છે. અટકાયત હુકમો સંબંધમાં મંજૂરી/ નામંજૂરીનો નિર્ણય લેતા

સમયે કેટલીક બાબતો ધ્યાને આવી છે. પાસા હેઠળ અટકાયત કરતા સમયે ધ્યાનમાં રાખવાની બાબતો અંગે તા. ૧૯/૧૦/૨૦૧૫ ના પરિપત્ર, તા. ૦૭/૦૮/૨૦૧૮ના પરિપત્ર, નામ. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓ/તારણો લક્ષમાં લઈ ધ્યાનમાં રાખવાની બાબતો અંગે તા. ૦૭/૦૧/૨૦૧૯ના નામજોગ પત્રથી આપવામાં આવેલ સૂચનાઓ અમુક કેસોમાં ઉચિત રીતે લક્ષમાં લેવામાં આવતી ન હોવાનું જણાયું છે.

૪, ગુજરાત હાઈકોર્ટ સમક્ષની સ્પે.સિવિલ એપ્લીકેશન નં. ૫૫૦૬/૨૦૨૩ની તા.૨૯/૦૩/૨૦૨૩ તથા તા.૦૫/૦૪/૨૦૨૩ના સુનાવણી દરમિયાન પાસા અંગેની માર્ગદર્શક સૂચનાઓ અંગે વિચારણા થયેલ. નામ. હાઈકોર્ટએ તા. ૦૫/૦૪/૨૦૨૩ના હુકમથી પાસા હેઠળ અટકાયત માટેની માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવા રાજ્ય સરકારને જણાવેલ છે. માર્ગદર્શક સૂચનાઓ તૈયાર કરતા સમયે નીચેના ચૂકાદાઓ લક્ષમાં રાખવા નામ. હાઈકોર્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે.

- ❖ વિજય નારાયણ સિંઘ વિરુધ્ધ બિહાર રાજ્ય કેસ ૧૯૮૪ તથા ખાજા બિલાલ અહેમદ વિરુધ્ધ તેલંગાણા રાજ્ય કેસ ૨૦૨૦
- ❖ બંકા સ્નેહા શીલા વિરુધ્ધ તેલંગાણા રાજ્ય : (એસ.એલ.પી.(ક્રિમિનલ) નં.૪૭૨૯/૨૦૨૧) કેસમાં તા.૦૨/૦૮/૨૦૨૧નો નામ. સુપ્રિમ કોર્ટનો આદેશ.
- ❖ મલ્લાદા કે શ્રી રામ વિરુધ્ધ તેલંગાણા રાજ્ય: (ક્રિમિનલ અપીલ નં. ૫૬૧/૨૦૨૨) કેસમાં તા.૦૪/૦૪/૨૦૨૨નો નામ. સુપ્રિમ કોર્ટનો આદેશ
- ❖ સુશાંતા કુમાર બનિક વિરુધ્ધ ત્રિપુરા રાજ્ય: (ક્રિમિનલ અપીલ નં. ૧૭૦૮/૨૦૨૨) કેસમાં તા.૩૦/૦૯/૨૦૨૨નો નામ. સુપ્રિમ કોર્ટનો આદેશ.

૫, નામ. ગુજરાત હાઈકોર્ટનો તા.૦૫/૦૪/૨૦૨૩નો હુકમ ધ્યાને લેતાં પાસા હેઠળ અટકાયત માટે તા.૧૯/૧૦/૨૦૧૫ના પરિપત્રથી આપવામાં આવેલ સૂચનાઓ ઉપરાંત નીચેની બાબતો અટકાયત હુકમ કરતાં સમયે ધ્યાને લેવા આથી પુન: જણાવવામાં આવે છે.

1. હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટ દ્વારા વિવિધ ચુકાદાઓમાં જાહેર વ્યવસ્થા અને કાયદો વ્યવસ્થા વચ્ચેની ભેદરેખા નક્કી કરી છે. અટકાયત હુકમ કરતા સમયે આ બાબત ખાસ લક્ષમાં રાખવી. આ સંબંધમાં નામ. સુપ્રિમ કોર્ટના કેટલાક ચુકાદાઓના ઉધ્ધરણો નીચે મુજબ છે.

   – કોઈપણ ગુનો કે બનાવ કે જે સમાજ કે લોકોને મોટા પ્રમાણમાં સીધી રીતે અસર કરે તેવા સંજોગોમાં જાહેર વ્યવસ્થાની જાળવણીને અસર થાય છે – તેવું નામદાર સુપ્રીમ કોર્ટ તથા વિવિધ હાઈકોર્ટો દ્વારા મૂલવવામાં આવ્યું છે.

   – A mere apprehension of a breach of Law and order is not sufficient to meet the standard of adversely affecting the "maintenance of public order."

   – As is well-known, the expressions " Law and Order", " Public Order" and " security of state" are different from one another.

   - Does the expression "Public Order" take in every kind of disorders or only some of them ? The answer to this serves to distinguish "Public Order" from "Law and Order", because the later undoubtedly takes in all of them. Public order if disturbed, must lead to public disorder. Every breach of the peace does not lead to public disorder. When

two drunkards quarrel and fight, there is disorder but not public disorder. They can be dealt with under the powers to maintain law and order but cannot be detained on the grounds that they were disturbing public order.

- Supposed that the two fighters were of rival communities and one of them tried to raise communal passions the problem still one of law and order but raises the apprehension of public disorder.

2. ભયજનક કેટેગરીમાં અટકાયત માટે આરોપી ગુનાહિત પ્રવૃત્તિ વારંવાર કરતો હોવાનું સાધનિક કાગળો પરથી ફલિત થવું જોઇએ. (Habitually commits offences) કેટલાક કેસોમાં બે થી વધારે ગુનાઓ વચ્ચે લાંબો સમયગાળો હોય છે. જ્યારે કેટલાક કેસોમાં જામીન ઉપર છૂટ્યાને લાંબો સમય વીતી ગયા બાદ અટકાયત હુકમ કરવામાં આવે તે દરમિયાન અન્ય કોઇ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયા હોવાનું સાધનિક કાગળો પરથી અમુક કેસોમાં જણાઈ આવતું નથી. અટકાયત સંબંધમાં નામ. ગુજરાત હાઇકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના વિવિધ ચૂકાદાઓ ધ્યાને લેતાં, આવા કિસ્સાઓમાં અટકાયત હુકમ કરવાનું ટાળવું જોઇએ.
3. બુટલેગર કેટેગરીમાં અટકાયત હુકમ કરતી વખતે પકડાયેલ જથ્થો ગણનાપાત્ર હોવો જોઇએ. ગણનાપાત્ર જથ્થો સ્થાનિક પરિસ્થિતિ અને અટકાયતીની ગુનાહિત પ્રવૃત્તિ ધ્યાને લઈ નક્કી કરવાનો રહેશે. અમુક કિસ્સાઓમાં ધ્યાને આવ્યું છે કે, પ્રોહીબિટેડ મુદ્દામાલ મંગાવનાર તથા વેચનાર વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવતી નથી પરંતુ દેશી / વિદેશી દારૂના જથ્થાની હેરાફેરી કરનાર સામે અટકાયતી પગલાં લેવામાં આવે છે.
4. જાતીય સતામણી ગુનેગાર કેટેગરીમાં ખરેખર જાતીય શોષણના તથા પોકસો એક્ટ હેઠળના ગુનાઓ ધ્યાને લઈ અટકાયત હુકમ કરવો. યુવતી પોતાની સંમતિથી યુવક સાથે જતી રહેલ છે કે પરસ્પર સંમતિથી શારીરીક સંબંધો રાખેલ છે તે બાબતને સાધનિક કાગળો પરથી સમર્થન મળતું હોય તેવા કિસ્સામાં યુવતી સગીર હોવા છતાં પણ યુવક સામે જાતીય સતામણી કેટેગરીમાં પાસામાં અટકાયત કરવી ન્યાયોચિત જણાતી નથી. યુવતીના પોલીસ સમક્ષના નિવેદનો તથા તબીબી પરિક્ષણ દરમ્યાન મેડીકલ ઓફીસર સમક્ષ આપેલ નિવેદનોની યોગ્ય ચકાસણી કરી ત્યાર બાદ યુવકની પાસા હેઠળ અટકાયતનો હુકમ કરવો જોઇએ.
5. ગેરકાયદેસર નાણાની ધીરધાર કેટેગરીમાં અટકાયત કરતા સમયે મોટાભાગના કેસોમાં એક જ ફરિયાદ ધ્યાને લઈ અટકાયત હુકમ કરવામાં આવતો હોવાનું જણાયું છે. કેટલાંક કેસોમાં તો ફરિયાદ નોંધાયા બાદ બંને પક્ષો વચ્ચે સમાધાન થઇ ગયા બાદ F.I.R. રદ કરવા માટે સક્ષમ કોર્ટમાંથી હુકમ મેળવવામાં આવતો હોય છે. જે ફરિયાદના આધારે હુકમ કરવામાં આવ્યો છે તે ફરિયાદ (F.I.R.) અસ્તિત્વમાં રહેતી ન હોઈ, અટકાયત હુકમ નિરર્થક બની જાય છે અને આવો અટકાયત હુકમ રિવોક કરવા માટે વહીવટી કામગીરી બેવડાય છે. આથી, ગેરકાયદેસર નાણાંની ધીરધાર કેટેગરીમાં અટકાયત હુકમ કરતા સમયે અટકાયતીનો ગુનાહિત ઈતિહાસ, F.I.R.ની યથાર્થતાની પૂરતી ચકાસણી કરી અટકાયત હુકમ કરવા ખાસ કાળજી રાખવી.
6. જુગારનો અડ્ડો ચલાવનાર કેટેગરીમાં અટકાયત કરતા સમયે અટકાયતી વિરુદ્ધના જુગાર ધારાની કલમ ૪ અને ૫ હેઠળના ગુનાઓ જ ધ્યાને લેવાના રહે છે. કેટલાક કેસોમાં ફક્ત જુગાર ધારાની કલમ – ૧૨ હેઠળનો ગુનો ધ્યાને લઈ અટકાયત હુકમ કરવામાં આવે છે. જે કાયદાની જોગવાઇને અનુરૂપ નથી.

7. પાસા હેઠળ અટકાયત હુકમ થયા પછી ઘણા કેસોમાં લાંબા સમય સુધી અટકાયત થતી નથી તેવા કિસ્સાઓમાં એક્ટની જોગવાઇ મુજબ ભાગેડુ જાહેર કરવાની અને તેની મિલ્કતો ટાંચમાં લેવાની પ્રક્રિયા સમયસર હાથ ધરવી.

8. પાસા હેઠળ અટકાયત માટે થયેલ હુકમોની બજવણીની સમીક્ષા દર મહિનાના Law and Order meeting/ crime conference માં થાય અને અટકાયત ન થવાના કારણોની સમીક્ષા કરવામાં આવે.

9. જે કેસોમાં ૦૧ વર્ષ કે તેથી વધારે સમયથી અટકાયત ન થયેલ હોય એવા હુકમોની અમલવારી કરવી યોગ્ય રહેશે કે કેમ, તે અંગે અટકાયત અધિકારી કક્ષાએ સમીક્ષા કરી નિયમાનુસારની આગળની કાર્યવાહી કરવી.

10. અટકાયતીને અટકાયત માટે ધ્યાને લીધેલ ગુનાઓમાં જામીન મળ્યાને લાંબો સમય વીતી ગયો હોય અને ત્યારબાદ જો કોઇ અન્ય ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાયા ન હોય તો આવા કેસોમાં અટકાયત હુકમ કરવાનું ટાળવું.

11. અટકાયત અધિકારી દ્વારા જ્યારે પાસા હેઠળ અટકાયત હુકમ કરવામાં આવે તે પહેલા જે તે વ્યક્તિ વિરુધ્ધ અટકાયત હુકમ કરવા માટે ધ્યાને લીધેલ ગુનાઓમાં સક્ષમ કોઈપણ નામ. કોર્ટ દ્વારા તે વ્યક્તિને તે ગુનાઓમાં અટકાયત માટે રક્ષણ મળેલ છે કે કેમ, તેની વિગતો ચકાસ્યા બાદ અટકાયત હુકમ કરવો.

12. અટકાયત અધિકારી દ્વારા જ્યારે પાસા હેઠળ અટકાયત હુકમ કરવામાં આવે પરંતુ અટકાયતીની ધરપકડ ન થયેલ હોય, પરંતુ ત્યારબાદ જ્યારે અટકાયતીની અટકાયત કરવામાં આવે તે સમય દરમિયાન અટકાયત હુકમ કરવા માટે ધ્યાને લીધેલ ગુનાઓમાં સક્ષમ કોઈપણ નામ. કોર્ટ દ્વારા તે અટકાયતીને તે ગુનાઓમાં અટકાયત માટે રક્ષણ મળેલ છે કે કેમ, તેની વિગતો ચકાસ્યા બાદ જ તે અટકાયતીની અટકાયત કરવી.

૬, અટકાયતીની ગુનાહિત પ્રવૃત્તિ જાહેર વ્યવસ્થાની જાળવણીને વિપરીત અસર કરે છે તેવું પ્રસ્થાપિત કરવા માટે જરૂરી સાધનિક કાગળો હોવા જોઇએ તથા અટકાયતના કારણોમાં આ બાબતોને યોગ્ય રીતે પ્રસ્થાપિત કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. દરખાસ્ત કરનાર ઓથોરિટી દ્વારા તૈયાર કરવામાં આવતી દરખાસ્ત પૂરતા આધાર – પૂરાવા અને વાજબી કારણો સાથેની હોઇ તે બાબતે ખાસ કાળજી રાખવી જેથી દરખાસ્તને પૂર્તતા માટે પરત મોકલવાનો પ્રશ્ન ઉભો ન થાય. આ રીતે બિનજરૂરી સમય વ્યય થવાના કારણે સમયસર અટકાયતનો હેતુ સરતો નથી.

૭, આમ, ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ , ૧૯૮૫ હેઠળ અટકાયત હુકમ કરતી વખતે પૂરતી કાળજી રાખવા તથા ઉક્ત માર્ગદશક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકજ દવે)
ઉપસચિવ
ગૃહ વિભાગ

બિડાણ : ઇ– મેઇલ મારફત

(૧) તા.૧૯.૧૦.૨૦૧૫ નો પરિપત્ર

(૨) તા. ૦૭.૦૮.૨૦૧૮ નો પરિપત્ર

(૩) ચુકાદાઓ :

- ❖ વિજય નારાયણ સિંઘ વિરુધ્ધ બિહાર રાજ્ય કેસ ૧૯૮૪ તથા ખાજા બિલાલ અહેમદ વિરુધ્ધ તેલંગાણા રાજ્ય કેસ ૨૦૨૦

- ❖ બંકા સ્નેહા શીલા વિરુધ્ધ તેલંગાણા રાજ્ય : (એસ.એલ.પી.(ક્રિમિનલ) નં.૪૭૨૯/૨૦૨૧)કેસમાં તા.૦૨/૦૮/૨૦૨૧નો નામ. સુપ્રિમ કોર્ટનો આદેશ.
- ❖ મલ્લાદા કે શ્રી રામ વિરુધ્ધ તેલંગાણા રાજ્ય: (ક્રિમિનલ અપીલ નં. ૫૬૧/૨૦૨૨)કેસમાં તા.૦૪/૦૪/૨૦૨૨નો નામ. સુપ્રિમ કોર્ટનો આદેશ
- ❖ સુશાંતા કુમાર બનિક વિરુધ્ધ ત્રિપુરા રાજ્ય: (ક્રિમિનલ અપીલ નં. ૧૭૦૮/૨૦૨૨)કેસમાં તા.૩૦/૦૯/૨૦૨૨નો નામ. સુપ્રિમ કોર્ટનો આદેશ .

**પ્રતિ,**

– સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ
– સર્વે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ
– સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ

**નકલ જાણ સારુ રવાના : –**

- પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિક્ષકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ

/

ખાનગી

પાસા હેઠળ અટકાયત કરવાની કાર્યવાહી અંગે માર્ગદર્શક સૂચનાઓ.

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

પરિપત્ર ક્રઃવિ.૩/પાસા/૧૦૧૫/૧૨

સરદાર ભવન, સચિવાલય,ગાંધીનગર.

તા. ૧૯.૧૦.૨૦૧૫

વંચાણે લીધા :-

(૧) ગૃહ વિભાગના તા.૨૭/૧/૯૪ના પરિપત્ર ક્રમાંકઃ વિ.૩/પીએસએ/૧૦૮૫/૪૮૫૨

(૨) ગૃહ વિભાગના તા.૧૧/૮/૯૫ના પરિપત્ર ક્રમાંકઃ વિ.૩/પીએસએ/૧૦૯૫/૯૬૬

(૩) ગૃહ વિભાગના તા.૧૧/૮/૯૫ના પરિપત્ર ક્રમાંકઃ વિ.૩/પાસા/૧૦૯૫/૯૬૫

(૪) ગૃહ વિભાગના તા.૧૩/૧૧/૯૬ના પરિપત્ર ક્રમાંકઃ વિ.૩/ પાસા/૧૯૬૬/૭૮૬

(૫) ગૃહ વિભાગના તા.૧૫/૧૧/૯૬ના પરિપત્ર ક્રમાંક વિ.૩/પીએસએ/૧૦૯૬/૨૧૫૨

(૬) ગૃહ વિભાગના તા.૩/૧૨/૯૬ના પરિપત્ર ક્રમાંકઃ વિ.૩/પાસા/૨૬૯૬/૭૯૧.

(૭) ગૃહ વિભાગના તા.૨૭/૩/૯૭ના પરિપત્ર ક્રમાંકઃ વિ.૩/પાસા/૧૧૯૬/૧૦૨૩.

(૮) ગૃહ વિભાગના તા.૩૧/૩/૯૭ના પરિપત્ર ક્રમાંકઃ વિ.૩/પાસા/૧૧૯૬/૫૫૬.

(૯) ગૃહ વિભાગના તા.૨૬/૬/૯૭ના પરિપત્ર ક્રમાંકઃ વિ.૩/પાસા/૧૧૯૬/૬૦૫.

(૧૦) ગૃહ વિભાગના તા.૨૨/૭/૯૭ના પરિપત્ર ક્રમાંકઃ વિ.૩/પાસા/૧૦૯૭/૧૧૪૯.

(૧૧) ગૃહ વિભાગના તા.૯/૯/૯૭ના પરિપત્ર ક્રમાંકઃ વિ.૩/પાસા/૨૬૯૬/૭૧(૧)

(૧૨) ગૃહ વિભાગના તા.૨/૧/૯૮ના પરિપત્ર ક્રમાંકઃ વિ.૩/પાસા/૨૬૯૬/૭૧(૧)

(૧૩) ગૃહ વિભાગના તા.૧૭/૧/૯૮ના પરિપત્ર ક્રમાંકઃ વિ.૩/પાસા/૧૦૯૭/૩૯૦૭.

(૧૪) ગૃહ વિભાગના તા.૨૪/૧૨/૯૮નાપરિપત્રક્રમાંકઃ વિ.૩/પાસા/૧૩૯૮/૭૧૭.

(૧૫) ગૃહ વિભાગના તા.૧૨/૧/૯૯ના પત્ર ક્રમાંકઃ વિ.૩/પીએએસ/૧૦૯૯/૩૦૧(૧)

(૧૬) ગૃહ વિભાગના તા.૧૭/૩/૯૯ ના પત્ર ક્રમાંકઃ વિ.૩/પીએએસ/૧૦૯૯/૧૪૯૨

(૧૭) ગૃહ વિભાગના ૨૩/૮/૯૯ના પત્ર ક્રમાંકઃ વિ.૩/પીએએસ/૧૦૯૯/૫૬૫૬

(૧૮) ગૃહ વિભાગના તા.૨૩/૬/૦૨ ના પરિપત્ર ક્રમાંકઃ વિ.૩/પાસા/૧૦૨૦૦૦/૭૪૫૬

(૧૯) ગૃહ વિભાગના તા.૨૪/૯/૦૪ના પરિપત્ર ક્રમાંકઃ વિ.૩/પરચ/પાસા/૧૦૦૪/૯૭૫

(૨૦) ગૃહવિભાગના તા.૪/૯/૦૬ના પરિપત્ર ક્રમાંકઃ વિ.૩/પરચ/પાસા/૧૦૦૫ /૩૦૩૩

(૨૧)ગૃહ વિભાગના તા. ૨૩/૦૭/૦૯ ના પરિપત્ર ક્રમાંકઃ વિ.૩/પરચ/પાસા/ ૧૦૦૮/૭૭૯૪

પરિપત્ર :-

ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ હેઠળ (ટૂંકમાં પાસા કાયદો) જાહેર સુલેહશાંતિ/સલામતી અને જાહેર આરોગ્યને નુકશાન પહોંચાડે તેવા પ્રકારની અસામાજિક પ્રવૃત્તિ આચરનાર વિવિધ પ્રકારની કેટેગરીના વ્યક્તિઓ જેવી કે, (૧) **બુટલેગર, (૨) ભયજનક,(૩) મિલ્કત પચાવી પાડનાર, (૪) અનૈતિક વેપાર ગુનેગાર, (૫) ઔષધ ગુનેગાર, (૬) ક્રુર વ્યક્તિ અને (૭) જુગારનો અડ્ડો ચલાવનારાઓની** પાસા કાયદા હેઠળ પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પોલીસ કમિશ્નરશ્રી કક્ષાએ અને જીલ્લામાં સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા પાસા અટકાયત હેઠળ લેવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

૨. સંબંધિત સક્ષમ સત્તાધિકારી તરફથી અટકાયતી સામે પાસા કાયદા હેઠળ અટકાયતી પગલાં લેવા અંગેનો વિધિસરનો હુકમ કર્યા બાદ તે હુકમ સંદર્ભે સરકારશ્રીની મંજુરી મેળવવા સબંધમાં જરૂરી દરખાસ્ત ગૃહ વિભાગને મોકલવામાં આવે છે. સક્ષમ સત્તાધિકારી તરફથી ગૃહ વિભાગને રજુ થતી આવી દરખાસ્તની ચકાસણી દરમ્યાન સરકારને અનુભવે એવું જણાયું છે કે, ગૃહ વિભાગ દ્વારા સમયાંતરે આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓની મહત્વની બાબતોને અટકાયત હુકમ કરતી વખતે લક્ષમાં લેવામાં આવતી નથી તેમજ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ સ્પષ્ટ સુચનાઓનું ચુસ્તપણે અમલીકરણ થતું નથી. રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓનો ખરા અર્થમાં અમલ થતો ન હોવાના કારણે અટકાયતી દ્વારા આ અટકાયત હુકમને નામ. હાઇકોર્ટમાં પડકારવામાં આવે છે. આ પ્રક્રિયામાં રાજ્ય સરકાર. અટકાયત અધિકારી અને નામ. હાઇકોર્ટના કાર્યભારણમાં અકારણ વધારો થાય છે. જ્યારે મહત્વની વિગતોના અભાવે તથા ટેકનીકલ કારણોસર પાસા બોર્ડ/નામ. હાઇકોર્ટ દ્વારા અટકાયતીના લાભમાં ચુકાદો આપવામાં આવે છે. અને અટકાયતીઓ અટકાયતમાંથી મુક્ત થાય છે.

૩. આવી પરિસ્થિતિનું પુનરાવર્તન થતું અટકે અને સચોટ, સબળ તથા કાયદાકીય રીતે ટકી શકે તેવી યોગ્ય દરખાસ્ત યોગ્ય સ્વરૂપમાં તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. આ સઘળા પાસાઓ ધ્યાને લઇને પાસા અટકાયત સંબંધમાં નવેસરથી માર્ગદર્શક સુચનાઓ બહાર

પાડવાનું જરૂરી જણાયેલ છે. આથી આ અગાઉની ઉપર આમુખમાં ઉલ્લેખિત તમામ માર્ગદર્શક સુચનાઓ રદ કરીને નીચે મુજબની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) ગુજરાત અસામાજિક પ્રવૃતિ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ હેઠળ સક્ષમ સત્તાધિકારી તરફથી કોઇ વ્યક્તિ સામે અટકાયતી પગલાં લેવા સમયે. જે તે વ્યક્તિ દ્વારા વારંવાર જાહેર વ્યવસ્થા(Public Order) ખોરવાય તેવા પ્રકારની પ્રવૃતિ આચરવામાં આવે છે તેવી અટકાયતી અધિકારીને ખાતરી(Subjective Satisfaction) થવી જોઇએ. આ અધિનિયમની જોગવાઇ પ્રમાણે જાહેર વ્યવસ્થા(Public Order) ખોરવાય તેવા પ્રકારની પ્રવૃતિ આચરનાર સામે જ આ અધિનિયમનો ઉપયોગ કરવાનો રહે છે, નહીં કે કાયદો અને વ્યવસ્થા (Law & Orders) ખોરવાય તેવા સંજોગોમાં. વધુમાં ગુનાહિત પ્રવૃતિ આચરનાર વ્યક્તિ સામે અન્ય કાયદાકીય કાર્યવાહી સરળતાથી શક્ય હોય તેવા સંજોગોમાં આ અધિનિયમની જોગવાઇઓનો સામાન્ય રીતે ઉપયોગ કરવાનું ટાળવું.

(૨) પાસા અટકાયત અંગેના હુકમમાં સંબંધિત વ્યક્તિની ગુનાહિત પ્રવૃત્તિઓ અંગેની છેલ્લી પરિસ્થિતિ ચકાસવાનું રાખવું.

(૩) જે કિસ્સામાં વ્યક્તિ વિરૂધ્ધના કેસની જામીન અરજી નામદાર કોર્ટ દ્વારા રદ થયેલ હોય તેવા કિસ્સામાં જે તે વ્યક્તિ વિરૂધ્ધ જરૂરી હુકમ કરવાનો થતો હોય તો તેવો હુકમ તુર્તજ કરવો જરૂરી નથી. પરંતુ જ્યારે તેને જામીન મળે ત્યારે હુકમ કરવાનો યોગ્ય રહેશે.

(૪) ભયજનક કેટેગરીના અટકાયતીના કેસમાં ગુપ્ત સાહેદોના ગુજરાત અસામાજિક પ્રવૃતિ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ની કલમ-૯(૨) પ્રમાણેના નિવેદનો લેવામાં વ્યાજબી કરતા વધુ વિલંબ થતો હોવાનું જોવા મળેલ છે. તે માટે વિલંબ ટાળીને નિવેદનો સમયસર મેળવી લેવા જરૂરી છે અને વિલંબ થયો હોય તો તેના કારણોની નોંધ/સ્પષ્ટતાનો ઉલ્લેખ સંબંધિત ફાઇલમાં તથા અટકાયતના હુકમમાં કરવાનું જરૂરી છે.

(૫) ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ના પ્રકરણ-૧૬, ૧૭ હેઠળ આવરી લેવાયેલ ગુનાઓ અને શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯, (હથિયાર ધારા) હેઠળના એકથી વધુ ગુનાઓ કરનાર જ પાસા કાયદાની જોગવાઇ હેઠળ ભયજનક વ્યક્તિ ગણી શકાય.

(૬) પાસા કાયદા હેઠળ, બૂટલેગર કેટેગરી સિવાયના કેસમાં, અટકાયતની વિચારણા માટે આવેલા કાગળોમાં માત્ર એક જ ગુનો નોંધાયેલ હોય તેવા કિસ્સામાં આ કાયદાની જોગવાઇઓ અનુસાર અટકાયતી પગલાં લેવાની કાર્યવાહી કરવી **સામાન્ય સંજોગોમાં** યોગ્ય ન ગણાય,

(૭) ઘણીવાર જુના કેસોને (જે અપ્રસ્તુત બન્યા છે તે) ધ્યાનમાં લઇને પાસા કાયદા હેઠળ અટકાયત કરવાના હુકમો કરવામાં આવે છે એટલે કે તેની સામે નવા કોઇ ગુના નોંધાયેલ ના હોય ત્યારે માત્ર જુના ગુનાઓ ધ્યાને લઇ પાસા અટકાયતના હુકમો કરવા જોઇએ નહી.

(૮) પાસા કાયદા હેઠળ અટકાયતની વિચારણા માટે જે ગુનો નોંધાયેલ હોય અને તે ગુનાને નામ. કોર્ટ દ્વારા રદ કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં આવા ગુનાઓ ધ્યાને લઇ, અટકાયતી પગલાં લેવાની કાર્યવાહી કરવી નહીં.

(૯) કોઇ વ્યક્તિ સામે ગેરકાયદે દારૂ પીવા બાબતનો ગુનો નોંધાયેલ હોય તો તેવા વ્યક્તિ ની "બુટલેગર" કક્ષામાં પાસા હેઠળ અટકાયત કરી શકાય નહીં. બુટલેગર કક્ષામાં આવતા વ્યક્તિ સામે અટકાયત હુકમ કરવા ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ હેઠળના અથવા શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ હેઠળ કરેલ ગુના ધ્યાને લેવાનું અપ્રસ્તુત છે.

(૧૦) "બુટલેગર" કક્ષામાં એક કરતાં વધારે વ્યક્તિની એક જ ગુનામાં પાસા હેઠળ અટકાયત કરવામાં આવે અને તે ગુનામાં દારૂનો જથ્થો મોટો હોય તો દરેક વ્યક્તિ પાસેથી કેટલો જથ્થો મળ્યો છે અને આ ગુનામાં તેની શું ભૂમિકા(Role) છે તેની વિગત પાસા અટકાયતના હુકમમાં સ્પષ્ટ રીતે જણાવવી અને સંયુક્ત રીતે જથ્થો ધરાવતા હોય તો તે બાબત જણાવવી.

(૧૧) પાસા કાયદા હેઠળ કોઇ વ્યક્તિ વિરૂદ્ધ અટકાયતી પગલાં લેવાની દરખાસ્ત તૈયાર કરવાના તબક્કે તેનું નામ, ઉંમર તથા માતૃભાષા અને અન્ય ભાષાની જાણકારી વિગેરેની વિગતો દર્શાવવી યોગ્ય રહેશે.

(૧૨) કેટલાંક વ્યક્તિઓ વિરૂધ્ધ હદપાર પગલાંના હુકમની અમલવારી ચાલુ હોય તે દરમ્યાન જ અથવા તો હદપારીના હુકમની શરતોનો ભંગ કરતા વ્યક્તિઓ સામે પાસા હેઠળ અટકાયતના પગલાં લેવા અંગેના હુકમો કરતી વખતે તેના કારણોમાં સ્પષ્ટ ઉલ્લેખ કરીને સંપૂર્ણ વિગતો સાથેનો વિગતવાર છણાવટ કરીને હુકમ કરવો જરૂરી છે.

(૧૩) પાસા કાયદા હેઠળ અટકાયત માટે કરવામાં આવતી દરખાસ્ત સંદર્ભમાં જે તે વ્યક્તિ વિરૂદ્ધ નોંધાયેલ છેલ્લો ગુનો નોંધાયા બાદ વિલંબથી હુકમ કરવામાં આવે છે તેવું ધ્યાને આવતું હોય છે. આ ક્ષતિ/ત્રુટિનો અટકાયતી લાભ ન મેળવી જાય તે ધ્યાને લઇને જરૂરી હુકમ કરવાની કાર્યવાહી બિનજરૂરી વિલંબ કર્યા વગર હાથ ધરવી.

(૧૪) દરખાસ્ત મંજુર થયા બાદ બને તેટલા જલ્દી વ્યાજબી સમયમાં અટકાયત હુકમ કરી દેવાનો રહેશે. હુકમ કરવામાં વિલંબ થાય તો તેનો ખુલાસો કરતી નોંધ ફાઇલમાં તથા અટકાયતના હુકમમાં કરવી જરૂરી છે.

(૧૫) અટકાયત માટે ધ્યાને લેવાયેલ સાક્ષીઓના નિવેદનો ચીલાચાલુ પ્રકારના કે અસ્પષ્ટ ન હોવા જોઇએ. સાક્ષીઓના નિવેદનોમાં બનાવનું સ્થળ, સમય, તારીખ અને બનાવની વિગત સ્પષ્ટ થતા હોવા જોઇએ. આ બાબતે અટકાયતી અધિકારીએ ખાતરી કરવી.

(૧૬) ગુપ્ત સાહેદોના નિવેદનોની ખરાઇ કરવાની કામગીરીમાં સક્ષમ અધિકારી તરફથી કેટલાંક કેસોમાં ગેરવ્યાજબી વિલંબ થાય છે. આવા ટેકનિકલ કારણોસર અટકાયતીને અટકાયતમાંથી છુટકારો મેળવવાની તક મળે છે અને આરોપીને પાસા અટકાયતમાં લેવાની કરવામાં આવેલ કાર્યવાહી નિરર્થક બની રહે છે. આવી ગંભીર ભુલનું પુનરાવર્તન ન થાય તે રીતે વ્યાજબી સમયમાં નિવેદનોની ખરાઇ કરી લેવી. ખરાઇ કરવાની કાર્યવાહીમાં થયેલ વિલંબના કારણોની ફાઇલમાં તથા અટકાયતના હુકમમાં નોંધ કરવી જેથી ભવિષ્યમાં પ્રશ્ન ઉપસ્થિત થવાના પ્રસંગે આ અંગે સંતોષકારક ખુલાસો આપી શકાય.

(૧૭) સહ અટકાયતીને અટકાયત મુક્ત કરતા કોર્ટના હુકમ બાદ અટકાયતીની અટકાયત કરવાની હોય તો સહ અટકાયતીની મુક્તિના કાગળો/ ચુકાદાને, અટકાયતીની ધરપકડ પહેલાં ધ્યાને લઇ યોગ્ય નિર્ણય લેવો ઉચિત રહેશે.

(૧૮) પાસા કાયદાની જોગવાઇ અનુસાર અટકાયત હુકમ થયેથી અટકાયત અધિકારીએ અટકાયત હુકમ તથા તેને લગતા સાધનિક કાગળ તુર્તજ/વિના વિલંબે રાજ્ય સરકારને પહોંચતા કરવાના રહેશે.

(૧૯) કોઇપણ વ્યક્તિની અટકાયત માટે જે કોઇ બાબત ધ્યાને લીધેલ હોય તે બધી જ બાબતોને લગતા દસ્તાવેજો અટકાયતીને આપવાના રહેશે.

(૨૦) અટકાયતનો હુકમ કર્યા બાદ અટકાયતી કેટલાક કેસોમાં નાસતો ફરતો(Absconding) રહે છે. આવી વ્યક્તિની અટકાયત થયેથી અટકાયત કર્યાની તારીખ, સમય અને સ્થળ અંગેની જાણ સરકારને તૂર્તજ અચૂકપણે કરવાની રહેશે.

(૨૧) પાસા કાયદાની કલમ-૮ ની જોગવાઇ મુજબ નાસતા ફરતા વ્યક્તિને પકડી પાડવા સંબંધિત પોલીસ સ્ટેશનને સુચના આપવી અને ટૂંકાગાળે આવા કેસોની સમીક્ષા પોલીસ કમિશ્નરશ્રી/જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી કક્ષાએ હાથ ધરવી. તેમજ ફરારી વ્યક્તિઓને પકડવા માટે કરેલ પ્રયત્નોની જાણ સમયાંતરે સરકારશ્રીને કરવી તેમજ કરેલ પ્રયત્નો તથા લીધેલ પગલાંની નોંધ દફતરે રાખવી.

(૨૨) અટકાયતી પરપ્રાંતીય હોય અને જો ગુજરાતી ભાષા સમજી શકતો ન હોય તો અટકાયતીને અટકાયતના કારણોની સમજ તે જે ભાષા જાણતો હોય તે ભાષામાં આપવી અને કાગળો પણ તે જે ભાષા જાણતો હોય તે ભાષામાં અટકાયત થતાં જ દિવસ-૭માં આપવા જરૂરી છે.

(૨૩) કોઇ વ્યક્તિની પાસા હેઠળ અટકાયત કરવામાં આવે અને તેના નિવેદનમાં અન્ય વ્યક્તિઓના સહ આરોપી તરીકે નામો ખુલે તો તેવા સંજોગોમાં તેવા વ્યક્તિઓની તપાસ કરી યોગ્ય જણાય તો તેવા સહ આરોપી સામે તુરત જ અટકાયત હુકમો કરવા. કેસની હકીકત તથા સંજોગો જોતાં હુકમ કરવાનું જરૂરી ન લાગે તો દફતરે નોંધ કરવી.

(૨૪) કોઇ વ્યક્તિની સામે અટકાયત હુકમ કરવામાં આવે અને તે વ્યક્તિ પકડાય કે તરત જ તેનું જે તે ગુના સંબંધિત નિવેદન ન લેવાયું હોય તો તે તપાસ કરનાર અધિકારી દ્વારા લેવડાવવું અને તેની નકલ અટકાયતીને તથા સલાહકાર મંડળને પણ મોકલવી.

(૨૫) પાસા બોર્ડની બેઠક સમયે અટકાયત હુકમ કરનાર અધિકારી કેસની સુનાવણી સમયે સલાહકાર મંડળ સમક્ષ ઉપસ્થિત રહે તે માટે ગૃહ વિભાગ તરફથી સમયસર જાણ કરવામાં આવતી હોય છે. પાસા સલાહકાર મંડળ સમક્ષ હાજર રહેવાની ખબર મળતાં, અટકાયતી અધિકારીએ સુનાવણી વખતે હાજર રહેવું જોઇએ. યદ્યપિ અટકાયત હુકમ કરનાર અધિકારી હાજર રહી શકે તેમ ન હોય તો તેવા કિસ્સામાં અટકાયતીના કેસથી પુરેપુરા માહિતગાર હોય એવા અન્ય વરિષ્ઠ અધિકારીને સલાહકાર મંડળ સમક્ષ પોતાની અવેજીમાં મોકલવાની વ્યવસ્થા કરવી.

(૨૬) અટકાયતીની અટકાયત બાદ અટકાયત સંદર્ભમાં કોઇ દસ્તાવેજો ઉપલબ્ધ થાય તો તે દસ્તાવેજો અટકાયતીને તેમજ સરકારને અને પાસા સલાહકાર મંડળને તુર્તજ પુરા પાડવા.

(૨૭) પેરોલ ભંગ કરવાના બનાવો ઘણાં અટકાયતીઓ દ્વારા બનતા હોય છે. તેમાં પાસા કાયદાની કલમ-૧૬(૪)માં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવાની કાળજી રાખવી.

૪. ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ-૧૯૮૫ હેઠળ અસામાજિક પ્રવૃત્તિઓ આચરનાર વ્યક્તિનો પાસા હેઠળ અટકાયતનો હુકમ કરતાં અગાઉ તેમજ અટકાયત અંગે સક્ષમ અધિકારીશ્રીએ કરેલ હુકમની મંજુરી માટે ગૃહ વિભાગને દરખાસ્ત મોકલવામાં આવે તે સમયે ઉપર ફકરા – ૩ના ક્રમ (૧) થી (૨૭) મુજબની માર્ગદર્શક સુચનાઓ અચુક રીતે લક્ષમાં રાખવી અને ઉક્ત માર્ગદર્શક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે જોવા, આથી તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને ભારપૂર્વક અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.એચ. ગાંધી)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

1 9 OCT 2015

પ્રતિ,

- સર્વે પોલીસ કમિશનરશ્રીઓ
- સર્વે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીઓ
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ

**નકલ જાણ સારૂ રવાના :-**

- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.

૧૧૩

ખાનગી

પાસા હેઠળ અટકાયત કરવાની કાર્યવાહી અંગે માર્ગદર્શક સૂચનાઓ

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્ર:વિ.૩/પાસા/૧૦૧૮/૦૧
સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૭.૦૮.૨૦૧૮

વંચાણે લીધા :-

(૧) ગૃહ વિભાગના તા.૧૯.૧૦.૨૦૧૫ના પરિપત્ર ક્રમાંક : વિ.૩/પાસા/૧૦૧૫/૧૨

પરિપત્ર :-

ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ (ટૂંકમાં પાસા ધારો) જાહેર સુલેહશાંતિ/ સલામતી અને જાહેર આરોગ્યને નુકશાન પહોંચાડે તેવા પ્રકારની અસામાજીક પ્રવૃત્તિઓ આચરનાર વ્યક્તિને સાત પ્રકારની કેટેગરી જેવી કે, (૧)બુટલેગર, (૨)ભયજનક વ્યક્તિ, (૩)મિલ્કત હડપ કરનાર, (૪)અનૈતિક વેપાર ગુનેગાર (૫)ઔષધ ગુનેગાર, (૬)ક્રુર વ્યક્તિ અને (૭)જુગારનો અડ્ડો ચલાવનારની પાસા કાયદા હેઠળ પોલીસ કમિશ્નરશ્રી અને જીલ્લામાં સબંધિત જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા પાસા અટકાયત હેઠળ લેવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

૨. અટકાયતી સત્તાધીશો દ્વારા પાસા હેઠળ કરવામાં આવતી દરખાસ્ત સચોટ, સબળ તથા કાયદાકીય રીતે ટકી શકે તેવા યોગ્ય સ્વરૂપમાં તૈયાર કરવામાં આવે તે મુજબની માર્ગદર્શક સૂચનાઓ ગૃહ વિભાગના તા.૧૯.૧૦.૨૦૧૫ના પરિપત્રથી રવાના કરવામાં આવેલ છે. પરંતુ અનુભવે જણાયેલ છે કે, સત્તાધીશ અધિકારી દ્વારા અટકાયત હુકમ કરતી વખતે માર્ગદર્શક સૂચનાઓની મહત્વની બાબતોને લક્ષમાં લેવામાં આવતી નથી. આથી, મહત્વની વિગતોના અભાવે તથા અટકાયત માટે પૂરતા કારણો ન હોવાથી સરકારશ્રી દ્વારા અટકાયત હુકમો નામંજૂર કરવામાં આવે છે અથવા તો આવા પ્રકારના કેસો પાસા સલાહકાર બોર્ડમાં પણ ટકી શકતા નથી અને અટકાયતી અટકાયતમાંથી મુક્ત થાય છે. અટકાયતી અટકાયત મુક્ત થયેથી તે પોતાની અસામાજીક પ્રવૃત્તિ પુન: આચરે તેવી શક્યતાઓ રહેલ હોય છે.

૩. આ કારણોસર અસામાજીક પ્રવૃત્તિ આચરનાર વ્યક્તિઓની સામે સચોટ, સબળ તથા કાયદાકીય રીતે ટકી શકે તેવી યોગ્ય દરખાસ્ત કરવામાં આવે અન્યથા અટકાયત કરવા માટેના પૂરતા કારણો ન જણાય તો તેવા ઇસમોની સામે ગુજરાત પોલીસ એક્ટ હેઠળ વધારે અસરકારક પગલાં લઇ શકાશે કે કેમ, તે બાબત ચકાસી લેવી.

૪. ગુજરાત અસામાજીક પ્રવૃત્તિઓ અટકાવવા બાબત અધિનિયમ, ૧૯૮૫ હેઠળ અસામાજીક પ્રવૃત્તિઓ આચરનાર વ્યક્તિઓનો પાસા હેઠળ અટકાયતનો હુકમ કરતી વખતે ગૃહ વિભાગની તા.૧૯.૧૦.૨૦૧૫ની માર્ગદર્શક સૂચનાઓ અચૂક રીતે લક્ષમાં રાખી તેનો

ચુસ્તપણે પાલન કરવામાં આવે તે જોવા, આથી પોલીસ કમિશ્નરશ્રીઓ અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને ભારપૂર્વક અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પંકજ દવે)
ઉપ સચિવ
ગૃહ વિભાગ.

O/C
7.8.18

ISSUED
Dt. 7 AUG 2018

પ્રતિ,

- સર્વે પોલીસ કમિશનરશ્રીઓ
- સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- સર્વે જિલ્લા પોલીસ અધીક્ષકશ્રીઓ

**નકલ જાણ સારૂ રવાના :-**

- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.